# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૭૪ • તા.૦૯ ઓક્ટોબર થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# પ.પૂ. દેવગુરૂ ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિએ વિવિધ સંઘોમાં આરાધના કરાઈ

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# સફળ થવું કે નિષ્ફળ-આપણા હાથની વાત

આજે દરેક ક્ષેત્રમાં હરિફાઈ, ચડસા ચડસી વધી રહી છે. કોઈ પણ ક્ષેત્રમાં નવો વિચાર, નવી ટેકનોલોજી અમલમાં લાવી પોતાને વિકસાવું, પોતાના ઉદ્યોગ વ્યવસાયને ફેલાવવું, વધુને વધુ લોકો સુધી પહોંચી પોતાની સાથે સાંકળવા હંમેશને માટે પોતાનાથી ટચમાં રહે એ માટે નિત નવા નુસખા અજમાવાઈ રહ્યાં છે.

આજના માવતરો પોતાના સંતાનોને કેળવવા થઈ શકે તેટલું શિક્ષણ આપી સ્નાતક બનાવે છે. વિવિધ કલા, હોબી દ્વારા પોતાનો માળખો સ્વતંત્ર રીતે વિકસાવે એ માટે મોકળાશ આપે છે. બાળકોને અભ્યાસમાં ઉચ્ચ ગ્રેડ જળવાઈ રહે એનો દબાણ રહે છે. તો અન્ય ઈતર પ્રવૃત્તિમાં તે અવલ રહે એ માટેનું ટેન્શન પણ હોય છે. બધી સગવડો પૂરી પાડવા છતાં બાળકો પોતાના લક્ષ્ય સુધી પહોંચી શકતા નથી અને જે પહોંચે છે તેઓ માંડ મુશ્કેલીથી સિદ્ધિ શિખર પામે છે. જે ઈચ્છાઓ, વ્યથાઓ, સંતાપોને અવરોધો ઓળંગી મક્કમતા, એક ચિતતા જળવાઈ રહે એવી એકલવ્ય નિષ્ઠા આજના બાળકોમાં નથી.

સુખી સંપન્ન પરિવારનો બાળક ભણે વધુ છે. બધી સગવડો પામીને પણ રંક પરિવારનો સંતાન અગવડ અને ઓછપ ભરી સુવિધાઓ છતાં અવલ રહે છે. આનું કારણ આજનું સુખ સાધનો ભોગવતો સંપન્ન પરિવારનો બાળક લક્ષ્યને નજર અંદાજ કરી બીજાઓ સમક્ષ દેખાડો કરવામાં શો ઓફ કરવામાં પોતાની પ્રતિભા વેડફે છે.

આજે બાળકો અભ્યાસ પ્રવૃત્તિમાં ગૂંથાયેલા નથી રહેતા એટલા એકિટવ સોશ્યલ મીડિયા સાઈટ પર ચોંટ્યા રહે છે. દિનપ્રતિદિન બજારમાં આવતી નવી નવી ગેમ્સ એપમાં મન પરોવી રાખીને પોતાના લક્ષ્યથી પર થઈ જાય છે. નવી નવી ટેકનોલોજીનો છંદ, સેલ્ફીની ઘેલછામાં આજના સંતાનો પોતાનો સમય વધુને વધુ બરબાદ કરે છે. જેને લીધે હાથવેંત લાગતી સફળતા નિષ્ફળતામાં પરિવર્તન થઈ રહે છે.

જીવનને સફળ બનાવવા સિદ્ધિતમ શિખર પામવા માટે આજના યુવાનોનું પ્રથમ સોપાન તેનું લક્ષ્ય સિદ્ધ કરવું એ જ હોય છે. પસંદગી ભલે નાની સરખી હોય પણ તેને પામવાનું લક્ષ્ય મોટું રાખી એ આસાનીથી મળી રહે એવા પ્રયત્નો, સાહસ ભર્યા અખતરા કરવા રહ્યાં. જાતને મહેનત, પરિશ્રમથી માંજી માંજીને ચળકાટ ભર્યો રાખવો રહ્યો. હીરાની કિંમત તેનામાં રહેલી પ્રતિભાની ઓળખથી મળે છે નહીં કે અન્યના પ્રભાવ કે પ્રકાશે ઝળકતો હીરો આખરમાં ઝીરો મૂલ્યનો છે. પરિશ્રમ અને પરસેવાની સુગંધ જો ભળે તો સફળતા આપો આપ તમને આવીને શરણ થશે.

સમય કોઈની રાહ જોતો નથી. સમયની રાહ ધૈર્યતાથી આપણને જોવાની છે. એકવાર આંખો બંધ રાખી ઝનૂનતાથી કાર્યલક્ષ પાછળ હોઈશું તો ધ્યેય આપણા દોરવા મુજબ પાછળ પાછળ દોડશે. સફળ થવું કે નિષ્ફળ રહેવું આપણા હાથની વાત છે. જો સફળતા પામશું તો સમાજ સાથીઓ, સોશ્યિલ સાઈટ પણ આપણી નોંધ લેશે. આપણને જોવા, સાંભળવા અને આપણા વિચારોને જાણવા તલપાપડ રહેશે કારણકે ઉગતા સૂરજને સૌ પૂજે છે. એ સત્ય હકીકત છે.

– જય જ્ઞાતિમૈયા

# પાયાના પથ્થરો જરૂરી




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

સામાજિક ક્ષેત્રમાં માણસ આગળ આવતો જાય તે તેમ તેનો અહમ પણ વિશાળ થતા જાય છે. સતત પોતે પોરસાતો રહે છે અને લોકોનો ટેકો મળે એટલે એમ માનતો થઈ જાય છે કે પોતાને જશ મળ્યો છે. વાહ વાહીને તે પોતાનો જય જયકાર માને છે પણ એ પૂરે પૂરું સત્ય હોય છે ખરું?

દરેક ક્ષેત્રમાં સાચા અને નિખાલસ નિ:સ્વાર્થ અને પરગજુ માણસોનું વજન રહે છે. તેની વાતો સમાજને સાંભળવી પડે છે અને તેના પર ધ્યાન આપવું પડે છે. સત્યને વહેલો કે મોડો સ્વીકાર કરવા પડે છે એ ખરી હકિકત છે. તેનો સામનો કરી શકાતો નથી પણ આદર જરૂર કરવો પડે છે. બહુધા સામાજિક સંસ્થાઓમાં સાચા માણસો અળખામણા હોવાના તેઓ કોઈની ખુશામત કરતા નથી કે કોઈની લળી લળીને ખિદમત કરતા નથી આવા સાચા માણસ સમૂહને આકરા લાગે છે.

જાહેર સંગઠનોમાં અને વ્યવહારમાં લોકો મુખવટો પહેરીને, પોતે હોય છે તેના કરતા સારા હોવાનો દેખાવ કરતાં હોય છે. ગમતી વસ્તુઓને આગળ વધારવાને અને અણગમતી વસ્તુઓ પર ઢાંક પિછોડો કરવા એ સૌના ચરિત્રમાં ખૂંપી ગયું છે. બહુધા સંગઠનોમાં જૂથ પોતાનું વર્ચસ્વ ઘટે એ માટે પીછે હઠ કરવાનું સ્વીકારતા નથી. એટલે સંસ્થાઓમાં પણ વહાલા દવલાની નીતિ આગળ વધતી હોય છે. અત્યારે કાર્ય કરતાં દેખાવ અને સેવાકાર્યને બદલે સ્પર્ધા જાણે વધી ગઈ છે. સાચા, સારા, નિખાલસ, નિષ્ઠાવાન માણસો જાહેર રીતે કે સમૂહમાં આવવા માંગતા નથી એટલે મોટી મોટી વાતો કરનારા, પાકા, વ્યવહારૂ અને ગણતરી બાજ અને અન્યેના આંખોમાં ધૂળ નાંખીને સડસડાટ આગળ વધતો વ્યક્તિ સમૂહને સ્વીકાર્ય હોવાનો.

આપણે જે સમજીએ છીએ એજ સાચું છે અને બાકીના ઓ જે માને છે તે ખોટું છે, ખરાબ છે એ ભાવના કે એવો આગ્રહ ખોટો છે. પોતાની પાછળ સૌ ચાલે કે પોતે જેને સાચું માને છે તેનો સૌ સ્વીકાર કરે એવો દુરાગ્રહ ખોટો છે, ખરાબ છે અને સમૂહની સંગઠન તાકાતને તોડનારું છે. જેવી દ્રષ્ટિ એવી સૃષ્ટિ એટલે દરેક બાબતને જોવાની સૌની દ્રષ્ટિ જુદી જુદી હોવાની એટલે માત્ર પોતાના વલણને જક્કી વલણથી વળગી રહેવું એ ખોટું છે. બધાના વિચારોની તારવણી ન કરીશો ત્યાં સુધી કોણ સાચું છે એ ખબર પડવા નથી. જેમ દહીંને સતત મથવાથી માખણ મળે છે અને છાશ અલગ પડે છે. માટે મન ખુલ્લું રાખી દરેકના વિચારને બધી રીતે જોઈ, સમજીને તેનું પૃથ્થકરણ કરવું જોઈએ. જેથી સનાતન સત્ય ઊજળું થઈ બહાર આવી જાય. સંસ્થાઓમાં કાંગરા તો આપોઆપ મળી જાય છે કે જડી જાય છે પણ જરૂર પડે છે પાયામાં જડાઈ જનાર પથ્થરોની.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ૩૩મી પુણ્યતિથિએ પ.પૂ. દેવગુરૂ ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની વિવિધ સંઘોમાં આરાધના કરાઈ



**અચલગચ્છાધિપતિ દેવગુરૂ પ.પૂ.આચાર્ય ભગવંત ગુણસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબના ૩૩મી પૂણ્યતિથિ નિમિતે તા.૭ ઓક્ટોબર ગુરૂવારના સાધુ ભગવંતો તથા સાધ્વીજીની નિશ્રામાં વિવિધ સ્થળે વિવિધ સંઘો દ્વારા ભક્તિભાવપૂર્વક આરાધના કરવામાં આવી હતી.**

## ગુરૂ ગુણ સૂરિ પૂજાનો લાભ માટુંગાના કલ્યાણ મિત્ર પરિવારે લીધો





માટુંગા સંઘમાં શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ સ્વામિ સાંનિધ્યમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૩ પુણ્યતિથિએ આસો સુદ ૧ બુધવાર તા.૬ ઓક્ટોબરના દિને ગુરૂ ગુણ સૂરિ પૂજાનો આયોજન અતિ ભાવ ભક્તિથી કરાયું. જેનો લાભ માટુંગાના કલ્યાણ મિત્ર પરિવારે લીધેલ. કેવલભાઈ સાવલા, મેઘનંદુ, મનોજ કારાણી, જગદીશ શાહ, વિપુલ છેડા ઈત્યાદિ સંગીતકારોને સથવારે સૌએ પૂજા દ્વારા ધર્મ આરાધના કરી ગુરૂ દેવશ્રીના જીવનને જાણ્યો અને માણ્યો.





# ડોંબિવલી સંઘમાં ગુરૂ મહારાજની પુણ્યતિથિએ ગુરૂ ગુણ પૂજા ભણાવવામાં આવી







કચ્છ કેશરી અચલગચ્છ દિવાકર, યુગ પ્રભાવક, શીઘ્ર કવિ, તપો મૂર્તિ, ઉગ્ર વિહારી, જૈન એકતાના પ્રખર હિમાયતી વિદ્યાપીઠ સંસ્થાપક બોંતેર અને વીસ જિનાલયના પ્રેરક અનેક જિનાલય, ઉપાશ્રયોના પ્રેરક, તીર્થ પ્રભાવક, ચમત્કારી બાબા, મુંબઈથી શિખરજી, શીખરજીથી પાલીતાણાદિ ઐતિહાસિક છ'રી સંઘોના પ્રેરણા અને નિશ્રા દાતા, ભવોદધિતારક, પરમ શ્રધ્ધેય ભારત દિવાકર શાસન પ્રભાવક રાષ્ટ્રસંત, શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે તા.૫ ઓક્ટોબર મંગળવાર દિને શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં ગુરૂ ગુણ પૂજા ભણાવવામાં આવેલ. સંઘના શ્રાવક શ્રાવિકોઓ ઉત્સાહભેર સહભાગી થઈ ગુરૂ ગુણ ગાઈ ગુરૂ મહારાજને ભાવપૂર્વક સ્મર્યા હતા.





# તેરા તીર્થે ગુરૂ ગુણ સાગરસૂરીશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિએ ગુરૂ પૂજા કરાઈ







તા.૫ ઓક્ટોબર મંગળવાર રોજે કચ્છ પ્રાંતના અબડાસા વિભાગના તેરા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ગુરૂવર્ય શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે ગુરૂ પૂજાનું આયોજન કરાયું.

# ભુજ સંઘમાં રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિની ૩૩ પુણ્યતિથિ નિમિત્તે ગુણાનુવાદ સભા યોજાઈ





તા.૫ ઓક્ટોબર મંગળવાર રોજે ભુજ અચલગચ્છ સંઘ દ્વારા રાષ્ટ્રસંત ભારત દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે પ.પૂ.મુનિરાજશ્રી રાજરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં ગુણાનુવાદ સભા યોજાઈ. સંઘના સૌએ ગુરૂવર્યને પુષ્પ અર્પિત કરી વંદના કરી હતી. પૂજ્યશ્રીના અનંત ઉપકારોને યાદ કરી ગુણ સ્મર્યા હતા.





# શિવમસ્તુ તીર્થે ગુરૂ ગુણ સૂરિ પુણ્યતિથિએ પુષ્પાંજલિ કરી દર્શન સહ વંદના કરાઈ તેની ઝલક




લાખ દશ જોજન ચાલતાં મિલે ન ગુરૂ કે પાંવ, શીશ કાટત જો ગુરૂ મિલે તો ભી સસ્તા જાન. આવી અદ્‌ભૂત પંક્તિઓ દ્વારા ગુરૂનો મહિમા ગવાયો છે.

પ.પૂ.મુનિ પૂર્ણભદ્રસાગરજી ગુરૂ સ્તુતી રચી ગુરૂનું સ્મરણ કર્યું છે.

ગાઈ શકું ના ગીતમાં, તોયે રચું ગુરુ ગીત હું,<br>
ખેંચાઈ જઉં છું પ્રીતમાં; સંઘર્ષના વિષ પી તમે,<br>
અમૃતના જામ ભરી દીધા, શાસન પ્રભાવક કાર્યથી, ઈતિહાસ અમર રચી લીધા.<br>
જસ મુખ કમલના દર્શને, માતૃત્વની મમતા મિલે,<br>
જસ ચરણ કમલના આશ્રયે, સમતા તણી સુરભિ ખિલે,<br>
જન મન મયુર તણા મનોહર, આપ મેઘ સમાન છો,<br>
ગુરુ સૂરિ ગુણ  તેજે સદા, શશી - સૂર્યથીય મહાન છો.

સંસ્કૃત સ્તુતી<br>
અનંત કલ્યાણ કૃપાવતારિણે, વિશુદ્ધ વૈરાગ્ય શમા દિશાલિને ।<br>
ગુણાર્ણ વાયેષ્ટ સુદાયિને સદા, નમોનમ : શ્રી ગુણ સિન્ધુ સૂરયે ॥

# નવી મુંબઈ સંઘમાં ગુરૂ ગુણ સૂરિ પૂજા ભક્તિ ભાવ માહોલમાં થઈ





શ્રી નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિએ ગુરૂવાર તા.૭ ઓક્ટોબર દિને સવારે ૯.૩૦ કલાકે ગુરૂ ગુણ સૂરિ પૂજા ભક્તિભાવ માહોલમાં થઈ. લાભાર્થી પરિવાર માતુશ્રી ભાગબાઈ રાયશી છેડા ગામ દેઢિયા.

# કોઠારા તીર્થે અચલગચ્છાધિપતિ ગુરૂ મહારાજની પુણ્યતિથિ નિમિત્તે ત્રિદિવસીય અનુષ્ઠાન થયા

કચ્છ પ્રદેશના કોઠારા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી હંસામાલાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી જિન શ્રધ્ધાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિએ ભાદરવા વદ અમાવસ્યાના રોજ ગુરૂ ગુણ પૂજા, આસો સુદ એકમના ગુરૂ ગુણ પૂજા અને આસો સુદ બીજના ગુરૂ ગુણ વંદનાવલી સહ વાસક્ષેપ પુષ્પ પૂજા આદિ ત્રિદિવસીય અનુષ્ઠાન ભાવપૂર્વક રાખવામાં આવેલ.



# ગોરેગામ સંઘમાં અચલગચ્છાધિપતિ ગુરૂવર્યની ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે ગુરૂ પૂજા આરાધના થઈ





તા.૭ ઓક્ટોબર ગુરૂવારના રોજે ગોરેગામ સંઘમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે ગુરૂ પૂજા આરાધના કરાઈ.

# પાલીતાણા તીર્થમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પુણ્યતિથિએ ત્રિદિવસીય આરાધનો થઈ





પાલીતાણા તીર્થમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે પ.પૂ. મુનિશ્રી વીરશેખરસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં અને પાલીતાણામાં ચાતુર્માસાર્થે બિરાજમાન શ્રમણી ભગવંતોના પરમ સાનિધ્યમાં ૩ દિવસની આરાધનાનો કાર્યક્રમ અદ્‌ભૂત માહોલમાં સંપન્ન થયો.

# સાંધાણ નગરે મહારાજ સાહેબની નિશ્રામાં ગુરૂ ગુણ પૂજા ભણાવવામાં આવી





કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના સાંધાણ ગામ નગરમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે પ.પૂ.મુનિરાજ શ્રી આર્યરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં ભાવપૂર્વક ગુરૂ ગુણ પૂજા ભણાવવામાં આવી.

## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની અદ્ભૂત યોજના સંજીવનીના નવા સુર્વણ પેટ્રોનને આદર ભર્યો આવકાર

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## મેડિકલ સમિતિ

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરે.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત જાત, પારકા પરાયા ના જોવે અને બીજાનું ભલુ કરે.
બીજાઓ માટે વ્યક્તિ કેટલુ જીવ્યો એનાથી તેના જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.
આ વાત ને સાર્થક કરી રહેલ જ્ઞાતી ના મહાનુભવો ...



## ડૉ. મધુકાંતભાઈ રતનશી ધરમશી

મુંબઇ-ઘાટકોપર - કચ્છ-કોઠારા

## સંજીવની સુવર્ણ પેટ્રોન

## Rs. 50,000/-

શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની સતત કાર્યરત મેડિકલ સમિતિના ચેરમેન મનિષાબેન શાહ પોતાના જ્ઞાન અને અનુભવ દ્વારા નાના નબળા જ્ઞાતિજનો જેઓ અણધારી બીમારીના કારણે હતાશ થઈ જઈ બીજું તેની સારવારની કેવી રીતે જોગવાઈ કરાશે તેની ચિંતા અનુભવે છે. હવે આ તબક્કો ભૂતકાળ બની ગયો છે. મેડિકલ સમિતિની સંજીવની યોજનાના માધ્યમથી જ્ઞાતિજનો ઓંચિતી ટપકતી પડતી બીમારીઓથી હવે સુખરૂપ બચી શકે છે અને પરિવારના સભ્યની કોઈપણ પ્રકારની બીમારીની એક્ષ્પર્ટ ડોક્ટરના માર્ગદર્શન હેઠળ અદ્યતન હોસ્પિટલમાં સારવાર લઈ સ્વસ્થ થઈ શકે છે.

મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં ઉદારદિલ જ્ઞાતિજન પ્લેટિનિયમ, ગોલ્ડ કે સિલ્વર પેટ્રોન બનીને સહારો બની શકે છે. આવા જ પારકાની પીડાને પોતાની વેદના સમજનાર ડૉ.મધુકાંતભાઈ રતનશી ધરમશી કોઠારા-ઘાટકોપર રૂા.૫૦ હજારનું ઉદાર ભર્યું યોગદાન નોંધાવી સંજીવનીના સુવર્ણ પેટ્રોન તરીકે જોડાયા છે. તેઓશ્રી દિવ્યાંગ પાલક તરીકે પણ રૂા.૫૦ હજારનું અનુદાન આપ્યું છે. મા ભક્તિ અને શક્તિના તહેવારોની પૂર્વે તેઓની આ પહેલ સૌને પ્રેરણા રૂપ બને એ જ શુભભાવના સાથે અઢળક અનુમોદના.

# માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર સંઘમાં અચલગચ્છના ઈતિહાસમાં પ્રથમવાર બહુ બધા વિધિકારો સંગે પૂજા આરાધનાઓ થઈ





અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે તા.૭ ઓક્ટોબર ગુરૂવારના રોજે શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ આંગણે સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા ૧૯ની નિશ્રામાં અચલગચ્છના ઈતિહાસમાં પ્રથમ વખત જિનશાસન અચલગચ્છાધિષ્ટાયિકા ૧) શ્રી ચક્રેશ્વરી દેવી ૨) શ્રી મહાકાલી દેવી ૩) શ્રી પદમાવતી દેવી ૪) શ્રી અંબિકા દેવી ૫) શ્રી સરસ્વતી દેવી ૬) શ્રી મહાલક્ષ્મી દેવી ૭) શ્રી જવાલા માલિની દેવી ૮) શ્રી ત્રિભુવન સ્વામિની દેવી ૯) શ્રી પંચાગુલી દેવી





૧૦) શ્રી ઓસિયાજી દેવીનું પૂજન વિધિકાર ૧) કેવલભાઈ સાવલા ૨) કેશવજીભાઈ ગડા ૩) રાજાભાઈ નંદુ ૪) ચિરાગભાઈ સંગોઈ ૫) નિખિલભાઈ હરિયા ૬) શ્રેણિકભાઈ ગાલા ૭) મેઘભાઈ નંદુ ૮) હર્ષભાઈ નાગડા ૯) હર્ષભાઈ દેઢિયા અને સંગીતકાર મનોજભાઈ કારાણી સાથે સહાયકો ૧) પ્રવીણભાઈ સાવલા ૨) અનિલભાઈ ૩) જીતુભાઈ ૪) હિતેન્દ્રભાઈ ૫) કલ્પેશભાઈ ૬) ઈન્દિરાબેન ૭) જાનકીબેન સાથે રાખવામાં આવ્યું હતું.

કદાચ સંઘ-સમાજમાં પ્રથમવાર એવું બન્યું હશે કે આટલા બધા વિધિકાર એક સાથે આવ્યા હશે.





# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના ટ્રસ્ટી શ્રી કુણાલ ડાઘા દ્વારા વિદ્યાર્થીઓને માઈનોરીટીના વધુમાં વધુ લાભ મળે તે માટે પહેલ

ભારત સરકારે જૈનધર્મીઓને માયનોરીટી સ્ટેટસ આપેલ છે. આ કાયદા અન્વયે શિક્ષણ, વ્યવસાય, સંસ્થા ચાલુ કરવા, ધંધાકિય તાલીમ વગેરે માટે મળતા અનુદાનો/સહાય મેળવવા આ સમિતિ કાર્યાન્વયિત થયેલ છે.

શ્રી સમસ્ત મહાજન દ્વારા એક સાહસિક અને ઉપયોગી પગલાં ભરવાની સાથે આજની યુવા પેઢીને અનુલક્ષીને એક કાર્ય શરૂ કરવામાં આવેલ છે, જેના અંતર્ગત જ્ઞાતિના શિક્ષિત યુવા પેઢીને વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટેની માયનોરીટી દ્વારા સ્કોલરશીપ મેળવી શકાય અને તેના માટે કેવી રીતે અરજી કરવી અને તેની પ્રક્રિયાની વિગતવાર માહિતી મળી રહે તે માટે પહેલ કરેલ છે. સમસ્ત મહાજનના ટ્રસ્ટી શ્રી કુણાલ ડાઘા દ્વારા સ્કોલરશીપ માટેની સવિસ્તાર માહિતી અને માર્ગદર્શન આપવામાં આવશે. આ સાથે એક જાહેરાત કરવામાં આવેલ છે જે જ્ઞાતિના વિદ્યાર્થીઓ જેમને સ્કોલરશીપથી માહિતગાર નથી તેમને સહેલાઈથી માર્ગદર્શન આપવામાં આવશે, જેનો જ્ઞાતિજનો વધુમાં વધુ ઉપયોગ કરી તે મેળવવામાં સફળ થાય તેવા પ્રયત્નો કરી રહ્યા છીએ. આપ સૌ જ્ઞાતજનોને નમ્ર વિનંતી છે કે વધુમાં વધુ જ્ઞાતિના વિદ્યાર્થીઓ સુધી પહોંચે અને તેનો લાભ મળે અને ઉચ્ચ અભ્યાસ સાથે ગુણવતા પ્રાપ્ત કરી શકે. આપશ્રી સર્વે જ્ઞાતિજનોને નમ્ર વિનંતી છે કે વધુમાં વધુ વિદ્યાર્થી તથા એમના વાલી સુધી આ મેસેજ પહોંચાડશો.

સ્કોલરશીપની માહિતી માટે ટ્રસ્ટી શ્રી કુણાલ ડાઘા સંપર્ક : ૭૫૬૭૧૧૮૫૯૯, સમય - સાંજે ૪ થી રાત્રે ૮ સુધી.

**વોટ્સએપ કરવા માટે અહીં નીચે ક્લીક કરો**




**વિડીયો જોવા માટે અહીં નીચે ક્લીક કરો**




## શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ દ્વારા ૨૭મા વર્ષે મહાકાલી માતાની નવરાત્રિ ભક્તિ ભાવના

તા.૭ ઓક્ટોબર ગુરૂવારથી આસો માસ ૧ થી નવરાત્રી પ્રારંભના દિવસથી રોજ રાત્રે ૯.૩૦ થી ૧૧ સુધી પાવાગઢવાળી મહાકાલી માતાની ભક્તિ ભાવના ઓનલાઈન યુટ્યૂબ લીંક https://youtu.be/PjlZ64JeNNg પરથી રોજ રજૂ થશે. આ લીંક બીજા ગ્રુપમાં તથા પર્સનલ સૌને મોકલી બધાને દર્શન અને ભક્તિનો લાભ મળે એ માટે પ્રેરિત કરશો.

સરકારશ્રીના નિયમ મુજબ ગયા વર્ષની જેમ જ ઓનલાઈન ભક્તિ ભાવના થશે. એક નામ લખાવનારના પાંચ જણ જ આવી શકશે એનાથી વધુ નહીં. છૂટા છૂટા બેસવાનું ને માસ્ક પહેરીને આવવું. એક નામના રૂા.૬૦૦ ભક્તિ ભાવનામાં આવો ત્યારે મંડળના વિનયભાઈને આપશો. સરકારશ્રીના નિયમ મુજબ ખાલી બેસીને ભક્તિ થશે. ગરબા રમવાની મનાઈ છે ઢોલ પણ નહીં હોય. રોજની બધી જ વ્યવસ્થા નામ લખાવનાર તમારા તરફથી જ મંડળ કરશે તમારે કંઈ પણ લાવવું નહીં. ખાલી આરતી શણગારી લાવવીને છેલ્લે એનાથી આરતી ઉતારવી બીજું કંઈ પણ લાવવું નહીં. સમય મર્યાદા લક્ષમાં લઈ સમયસર આવી જવું. ગુરૂવાર નવરાત્રી પ્રથમ દિવસના લાભાર્થી પરિવારો રહ્યાં હતા. પુષ્પાબેન મણિલાલભાઈ લોડાયા સાંયરા-ભાંડુપ, પ્રેમિલાબેન ચંદુલાલ લોડાયા સુથરી-ભાંડુપ, રેખાબેન ઉત્તમચંદભાઈ મૈશેરી મોટી સિંધોડી-ભાંડુપ, ચંદનબેન રાયચંદભાઈ મૈશેરી મોટી સિંધોડી-ભાંડુપ, વિજલબેન અમિતભાઈ ડાઘા વરાડિયા-ભાંડુપ, સંગીતાબેન નવિનભાઈ મોમાયા સુથરી-મુલુંડ, ચેતનાબેન પંકજભાઈ ધરમશી જખૌ-આદિપુર.

# કેડીઓ દિવ્યાંગનો આધાર બનનાર આશ્રયદાતાઓની અઢળ અનુમોદના

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિની પરિકલ્પના અને જ્ઞાતિના દિવ્યાંગોને શારીરિક, માનસિક અને આર્થિક પડકાર ઝીલવા શક્તિ આપતી દિવ્યાંગ પાલક યોજનામાં ઉદાર દિલ દાતાઓનો સહયોગ મળી રહ્યો છે. દિવ્યાંગો કોઈપણ રીતે પોતાને નબળાં ન સમજે અને અંગની ઓછપથી લઘુતાગ્રંથિથી ન પીડાએ માટે તેમને મજબૂત આધાર આપતી પાલક યોજના અતિ મહત્વની સાબિત થઈ છે.

રૂા.૫૦ હજારનું અનુદાન નોંધાવી ડૉ. મધુકાન્તભાઈ રતનશી ધરમશી કોઠારા-ઘાટકોપર દિવ્યાંગ પાલક બન્યાં છે. તે પ્રમાણે રૂા.૧૧૧/-નું ઉદારતા ભર્યું યોગદાન આપી ડૉ. ઉપેન્દ્ર સુધાકર શીવજી લાપસીયા મઢડાવાલા-ભાવનગરની દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે હસ્તે પ્રતિમા કાર્તિક નાગડા અંકલેશ્વર દિવ્યાંગ શક્તિ બન્યા છે. બંન્ને ઉદારદિલ દાતાઓની અન્ય પ્રત્યેની કરૂણતાભરી ભાવના ધરાવી અનુકંપા બતાવી એ બદલ તેઓની ભૂરી ભૂરી અનુમોદના.



# શત્રુંજય તીર્થે પાર્શ્વનાથ દાદા જન્મ દિક્ષા કલ્યાણક પ્રસંગે પોષદશમની અઠ્ઠમ તપ આરાધનાના ફોર્મ પહોંચાડવાની અંતિમ તારીખ ૨૦ ઓક્ટોબર

શત્રુંજ્ય મહાતીર્થની ગોદમાં ગુણોદય પૂરમના આંગણે પાર્શ્વનાથદાદાની જન્મ દિક્ષા કલ્યાણક પ્રસંગે ગુરૂદેવોની સંગે પ.પૂ.સાધ્વીશ્રી મહોદયાશ્રીજી મ.સા.ની નિશ્રામાં હૈયાના હેત ઉમંગે પોષ દશમની અઠ્ઠમ તપ આરાધના તા.૨૬ થી ૩૦ ડિસમ્બર ૨૦૨૧ સુધીની છે. જેમાં ભાગ લેવાના ફોર્મ પહોંચાડવાની અંતિમ તા.૨૦ ઓક્ટોબર છે.

ફોર્મ મોકલવાનું સ્થળ ૧) શેઠશ્રી નરશીનાથા ધર્મશાળા, ભીડભંજન મંદિરની બાજુમાં ચાર થાંભલા, નવાગઢ, પાલીતાણા-૩૬૪૨૭૦. ૨) રૂપેન પી. છેડા (મહેતાજી) શ્રી મૂર્તિપૂજક જૈન સંઘ, વાસુપૂજ્ય જૈન દેરાસર, ઝવેર રોડ, મુલુંડ પશ્ચિમ, મુંબઈ-૪૦૦ ૦૮૦.

ફોર્મ કવર ઉપર અઠ્ઠમ આરાધના લખવું જરૂરથી વધુ વિગત માટે સંપર્ક : રમેશભાઈ લોડાયા-૯૮૯૨૦૦૩૯૪૦, રાજવીબેન શાહ-૯૯૨૫૬૯૨૯૯૬

# ચીચબંદર સંઘમાં મુમુક્ષુ કરિશ્માબેનનું બહુમાન કરાયું





તા.૭ ઓક્ટોબર ગુરૂવારના દિને ચીચબંદર સંઘમાં પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં રાજસ્થાનના બાડમેર નિવાસી મુમુક્ષુ કરિશ્માબેન માંગીલાલજી બોહરાનું બહુમાન કરવામાં આવેલ.






# તપોરત્ન પ.પૂ.શ્રી સદાનંદસાગરજી મ.સા.ના ૧૪મા માસ ખમણ શાતાપૂર્વક સંપન્ન



શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન શ્રી સંઘમાં તા.૨ ઓક્ટોબર શનિવારના તપોરત્ન પ.પૂ.મુનિશ્રી સદાસાગરજી મ.સા.ના ૧૪મા માસ ખમણ શાતાપૂર્વક સંપન્ન થયા. અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરજી મ.સા.ના આશીષથી રવિવાર તા.૩ ઓક્ટોબરના સવારે ૯.૩૦ કલાકે આયંબીલ તપ પારણા થયા.

# કોઠારા તીર્થમાં મહાકાળી માતાજીની ભાવના ભણવામાં આવી



કચ્છ પ્રાંતના અબડાસા વિભાગના કોઠારા મહાતીર્થે પ.પૂ.સા.શ્રી હંસમાલાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા. શ્રી જિનશ્રધ્ધાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં મહાકાળી માતાજીની ભાવના ભક્તિ ભાવપૂર્વક ભણવામાં આવી હતી.

# જીતો નવી મુંબઈ લેડિઝ વિંગ દ્વારા સેમિનાર થયો






જીતો નવી મુંબઈની લેડિઝ વિંગ એ આ વર્ષની પ્રથમ ઈવેન્ટ આયુર્વેદ દ્વારા તન મનનું કાયાકલ્પ કરો એ વિષયે તા.૩૦ સપ્ટેમ્બર ગુરૂવારે મેવાડ ભવન વાશી સ્થળે યોજી હતી. કાર્યક્રમે પ્રરંભે ઉપસ્થિત માન્યવરના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને તથા નવકાર મંત્ર પઠન કરાયું. ચેરપર્સન શ્રીમતી ચાંદની લાલકા ઉપસ્થિત સૌને આવકાર આપ્યો હતો તથા પોતાની નવી ટીમ મેમ્બરોના ટૂંક પરિચય આપ્યો હતો. નવી મુંબઈ ચેપ્ટર ચેરપર્સન મહાવીર કોઠારી, ચીફ સેક્રેટરી રોશનલાલ જૈન એપેક્સ JLW વાઈસ ચેરપર્સન એડવોકેટ મીનલ ખોના અને ભૂતપૂર્વ ચેરપર્સન શ્રીમતી સુમિત્રા છાજેડની ગરિમા મથી ઉપસ્થિતિથી કાર્યક્રમને ચાર ચાંદ લાગ્યા હતા. વાઈસ ચેરપર્સન સંગીતા છાજેડ એ આજના મુખ્યવક્તા ડૉ. કૃતિ દોશીનો પરિચય આપ્યો હતો. ડૉ. કૃતિ દોશીએ આર્યુવેદની મહતા અને ઉપયોગિતા કહી હતી અને તેના ઉપયોગથી મન અને તનની કઈ રીતે શુધ્ધિ થાય છે તે સમજાવ્યું હતું. સીતેરથી વધુ મેમ્બર સેમિનારમાં ઉમંગથી સહભાગ લીધો હતો. સૌએ વક્તાની વિધ્વતાથી પ્રભાવિત થયા હતા અને તેમણે આયુર્વેદ વિષે ઉપયોગી જ્ઞાન પીરસયું એ બદલ પ્રશંસા કરી હતી એ પછી શ્રોતાઓએ પોતાના પ્રશ્નો પૂછી વક્તા પાસેથી ઉપયોગી માર્ગદર્શન મેળવ્યું હતું અને વિશેષ જ્ઞાન મેળવી તાજા અને તરબતર થયા હતા. ચીફ સેક્રેટરી શ્રીમતી મીના રાંકાએ આભાર દર્શન કર્યું હતું. મોક કન્વીનર બાંસતી જૈન હતા.

# સુરત સંઘનો અચલગચ્છ ભવનનું સ્વપ્ન હવે સાકાર બનવા ભણી

સિલ્ક અને ડાયમંડ સિટી સુરત નગર સંઘને પૂજ્ય ગુરૂદેવની મળી પ્રેરણા અપાર, જેથી અચલગચ્છનું સપનું હવે થશે સાકાર.

ભાંડુપમાં બિરાજમાન ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવમં યુવામુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના દર્શન વંદન હેતુ એક બસ ભરી સૂરત સંઘના શ્રાવક ગણોનો સમૂહ મુંબઈ પધારયો અને ભાંડુપ સંઘમાં પૂજ્ય સાહેબોને દર્શન વંદનાર્થે આવ્યો હતો. પૂજ્ય મુનિશ્રીએ જ્યાં સુધી અચલગચ્છ ભવન માટેનો જમીન પ્લોટ ન ખરીદી થાય ત્યાં સુધી કોઈ એક પ્રિય વસ્તુનો ત્યાગ કરવાની પ્રેરણા આપી.

સંઘના અધ્યક્ષ રતન લાલજી વડેરાએ મીઠાઈ અને ચોખાનો ત્યાગ કરવાનો અભિગ્રહ લીધો. જ્યારે બાકીના અન્ય શ્રાવકોએ અલગ અલગ ચીજ વસ્તુ આદતો ત્યાગ કરવાના પચ્ચખાણ લીધા. આ અવસરે યુવા મુનિ પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.એ સૂરતવાસીઓને પ્રેરણા આપતા કહ્યું કે જાન્યુઆરી ૨૦૨૨માં અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. સૂરત પધારે એ સમયે ગુરૂ દેવના પરમ સાંનિધ્ય સુરતમાં અચલગચ્છ ભવનનું ભૂમિ પૂજન થાય એવા પ્રયત્નો આપણે સૌ આજથી શરૂ કરીએ.

# શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ દ્વારા નલિયાવાસી તપસ્વીઓનું બહુમાન કરાયું





શ્રી નલિયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ દ્વારા ડોંબિવલીમાં રહેતા નલિયાવાસી તપસ્વીઓનું બહુમાન કરવામાં આવ્યું. જેમાં અઠાઈ કરેલ તપસ્વીઓ રિયાંશ લિતેશ ખોના, તૃપ્તિ પ્રવીણ ખોના, ચિરાગ પ્રદીપ નાગડા, ખ્યાતિ ચિરાગ નાગડા, ઈશા મનિષ છેડા સર્વે તપસ્વીઓને સુખ શાતા અને એમના તપની ખૂબ ખૂબ અનુમોદના શ્રી નલીયાવાસી ડોંબિવલી મિત્ર મંડળ દ્વારા કરાઈ હતી.





# શિવમસ્તુ તીર્થે પર દેરીના ધજાના કાર્યક્રમની તારીખમાં ફેરબદલની જાણકારી

કચ્છના માંડવી પરિસરમાં આવેલા શિવમસ્તુ તીર્થે પંચવર્ષીય ધ્વજા મહોત્સવના દાતા પરિવારોને ખાસ જણાવવાનું કે અગાઉ આ કાર્યક્રમ તા.૧૨ ડિસેમ્બર ૨૦૨૧ રવિવારના દિને જાહેર થયેલ હતો. પરંતુ પૂજ્ય મ.સા.ને એ દિવસો દરમ્યાન મહત્વના પ્રસંગોએ બહાર વિહાર કરવાના હોઈ એ તારીખ રદ કરી નવી તારીખ ૧૯ ડિસેમ્બર ૨૦૨૧ રવિવારના વહેલી સવાર બપોર સુધી રાખવામાં આવેલ છે. તો મુંબઈવાસી તથા દેશાવરના દાતા પરિવારોએ એ રીતે ટિકીટની વ્યવસ્થા કરી લેવા વિનંતી. એ સૂચના શિવમસ્તુ તીર્થના વ્યવસ્થાપકો દ્વારા અપાઈ છે.

# ભુજોડીના વર્ધમાન નગર સંઘમાં ચૈત્ય પરિપાટી રૂપે સંઘોનો ઉત્સાહભેર આગમન હરખ જગાવે છે

ભુજ પરિસરમાં આવેલી ભુજોડી નગરના વર્ધમાન નગર સંઘમાં બિમલનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ સૂરિમંત્ર, પંચ પ્રસ્થાનક, પ.પૂ.આ.બ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના ચૈત્ય પરિપાટી રૂપે દર્શન વંદનાર્થે અત્યાર સુધી ૮૦ સંઘો પધારી રહ્યા છે.

સંપૂર્ણ સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર સંઘમાતા મૃદુલાબેન અરવિંદભાઈ વોરા પરિવાર જામનગરવાળા.

# પ.પૂ.શ્રી ધર્મસાગરજી મ.સા.હોસ્પિટલમાં સારવાર લીધા પછી સુખ શાતામાં છે

પ.પૂ.શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ને ગ્લોબલ હોસ્પિટલ પરેલમાં ૧૨ દિવસની સારવાર બાદ તા.૪ ઓક્ટોબર સોમવાર સાંજે રજા મળેલ છે. તેમની હાસ્પિટલની ટ્રીટમેન્ટ દરમ્યાન અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના અધિકારીઓ વૈયાવચ્ચ સમિતિના સૌ સભ્યો તથા પરેલ જૈન સંઘના કાર્યકરો એ સુંદર વૈયાવચ્ચ કરેલ છે. પૂજ્યશ્રીને આરામની જરૂરિયાત હોવાથી તેમની પુછા કરવા રૂબરૂ આવવું નહીં. પૂજ્યશ્રીના સ્વાસ્થ્ય માટે તપ, જપ, આરાધના કરનાર સર્વે ગુરૂ ભક્તોનો આભાર.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



કસ્તુરી ધુલ્લા
તા.૪ ઓક્ટો.(ઉ.૯૦)
સાંધણ-અમરાવતી



વર્ષા ખોના
તા.૪ ઓક્ટો.(ઉ.૫૪)
તેરા-ઘાટકોપર



મણીકાંત લોડાયા
તા.૪ ઓક્ટો.(ઉ.૬૩)
કોઠારા-ડોંબિવલી



નરેશ નાગડા
તા.૫ ઓક્ટો.(ઉ.૫૨)
નલિયા-ઘાટકોપર



ભવાનજી ખોના
તા.૦૫ ઓક્ટો.
મોટી ખાવડી-જામનગર



કુંવરબાઈ મૈશેરી
તા.૬ ઓક્ટો.(ઉ.૭૩)
નાની સિંધોડી-ડોંબિવલી



સોનબાઈ ખોના
તા.૭ ઓક્ટો.(ઉ.૮૮)
ગોરખડી-મુલુંડ



પ્રણવ ધરમશી
તા.૭ ઓક્ટો.(ઉ.૨૬)
ગોરખડી-તિલક નગર



ગીતા મોતા
તા.૮ ઓક્ટો.(ઉ.૬૩)
તેરા-મુલુંડ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● ભૂકંપ પછી કચ્છમાં આવેલા ઔદ્યોગિકીકરણને પગલે ઔદ્યોગિક એકમોના ઉચ્ચ અધિકારીઓ કર્મચારીઓની અવરજવર અર્થે વિમાની સેવાના વિસ્તારની રજૂઆતો લાંબા સમયથી થતી રહે છે. એક સમયે તદ્દન બંધ પડેલા પૂર્વ કચ્છના કુંડલા એરપોર્ટને આ કારણે ધમધમતું કરાયા પછી ત્યાં ઉડાનો વધારવામાં આવી રહેલી સમસ્યાના નિરાકરણ માટે વર્ષ ૨૦૧૬ થી ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન–ફોકિયાએ સતત રજૂઆતો કરી રહ્યું છે. તાજેતરમાં રાત્રિ ઉડાન ભરી શકાય એ માટે આઈ–વી–આર સુવિધા મંજૂર થઈ છે તેને આવકારી ફોકિયાએ હવે એરપોર્ટમાં વિસ્તરણ ઉપર ભાર મૂક્યો છે. આની રૂબરૂ રજૂઆત કરવા કેન્દ્રીય ઉડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને પત્ર પાઠવી મળવાનો સમય માગ્યો છે.

● કોરોનાના કપરા સમય અને લોકડાઉનનો સમયનો સદુપયોગ કરી ભુજની સાત વર્ષીય બાલીકા પ્રિશા સચિનભાઈ ઠક્કરે પરિવારની પ્રેરણાથી શિવ મહિમ્નના સંપૂર્ણ પાઠને કંઠસ્થ કરી વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં પોતાનું નામ અંક્તિ કર્યું છે. શિવ મહિમ્નના ૪૪ શ્લોક અને દરેક શ્લોકમાં ૪ પંક્તિ કડકડાટ રજૂ કરી આ કીર્તિમાન રચ્યો હતો. માતા હેતલબેનની બાર મહિનાની અથાગ મહેનતથી પ્રિશાએ આ પાઠ મોંઢે કર્યા હતા.

● દેશનું સૌથી અમીર ગામડું કચ્છ જિલ્લાના પાટનગર ભુજના પરિસરમાં આવેલું માધપર ગામ છે. આ ગામમાં કુલ્લ ૧૭ બેન્કો છે અને ૭૬૦૦ ઘર છે. આ ગામની બેન્કોમાં પાંચ હજાર કરોડ રૂપિયા તિજોરીમાં સચવાયેલા છે. આમ જોઈએ તો સરેરાશ વ્યક્તિ દીઠ ૧૫ લાખ રૂપિયા બેન્કના ખાતામાં જમા છે.

● સરહદી કચ્છ જિલ્લાની ૨૧ લાખ વસતીને જેની વરસોથી ઝંખના હતી તેવી સુપર સ્પેશ્યાલિટી આરોગ્ય સેવાઓ માટે જાણીતા કચ્છી ઉદ્યોગપતિ શ્રોફ પરિવારની પ્રેરણાથી કુલ્લ પાંચ કરોડનું દાન અપાયું છે. તે સાથે કચ્છમાં સ્થાપિત ખાનગી કંપનીઓ પણ કચ્છીઓ પ્રત્યે ઉતરાદિત્ય નિભાવે તેવી અપીલ ફોકિયા–ફેન્ડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન એ કરી પ્રયાસ આર્ધ્યા છે. અગ્રીમ ઉદ્યોગ કુંપની એગ્રોસેલ અને સોલારીચ સહિતના કંપની જૂથોના માલિક શ્રોફ પરિવારે ૩.૫ કરોડનું દાન તથા કેરા પાસેની સુમિટોનો કંપનીએ ૧.૫ કરોડના ચેક ભુજ સ્થિત કે.કે.પટેલ સુપર હોસ્પિટલ ટ્રસ્ટને અર્પણ કર્યા હતા. સુપર સ્પે.હોસ્પિટલમાં હૃદય, કેન્સર, કાર્ડિયાક અને ટ્રોમા સહિતના વિભાગો ખૂબ સફળ સેવા આપશે એવો આ પ્રસંગે વિશ્વાસ વ્યક્ત કરાયો હતો.

● ભુજની અદાણી મેડિકલ કોલેજમાં મૃત માનવ શરીરના અંગોને રક્ષિત કરી અભ્યાસ તથા સંશોધન માટે ૨૦૦ થી વધુ માનવ શરીરના આંતરિક અંગોને વૈજ્ઞાનિક ઢબે સાચવવામાં આવ્યા છે. એનોટોમી વિભાગના હેડ અને પ્રોફેસર ડૉ.સાગ્નિક રોયએ જણાવ્યું હતું કે દેશ અને ગુજરાતની મોટી મેડિકલ કોલેજની માફક કચ્છમાં પણ માનવ દેહના અંગોના સંશોધન અને અભ્યાસ માટે એક વિશાળ મ્યુઝિક તૈયાર કરવામાં આવ્યું છે. આ મ્યુઝિમમાં પગથી માથા સુધીની માનવ શરીરની આંતરિક રચનાના અંગોના પ્રત્યેક હિસ્સાને જુદા જુદા કોણથી દર્શાવવામાં આવ્યા છે. ઉપરાંત ચાર્ટ તથા આર્ટિફિશિયલ નમૂનાઓ તૈયાર કરી મૂકવામાં આવ્યા છે. તેમજ ૧૦૦ જેટલા માઈક્રોસ્કોપથી દરેક અંગના સેલનો અભ્યાસ પણ કરી શકાય છે. આજે લોકો પોતાના મૃત્યુ બાદ દેહનું દાન કરતાં હોવાથી આ વિજ્ઞાન શાખાનું મહત્વ વધ્યું છે. અર્વાંગીણ વર્તમાન યુગમાં તબીબી અભ્યાસ અને સંશોધનમાં મ્યુઝિમનું મહત્વનું યોગદાન છે.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com



DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE,
SCRUTINIZE
& DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA